# સ્પેનમાં છવાયાં ભારતીય લોકનૃત્યો



'હૈ પ્રીત જહાં કી રીત સદા, મૈં ગીત વહાં કે ગાતા હૂં, ભારત કા રહને વાલા હૂં ભારત કી બાત સુનાતા હૂં...' પૂરબ ઔર પશ્ચિમ ફિલ્મના આ ગીતમાં મનોજકુમાર ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવે છે. આવી જ રીતે ગીત-સંગીત કે નૃત્ય થકી જો કોઈ પણ ભારતીયને વિદેશમાં પોતાની સંસ્કૃતિનો પરિચય કરાવવાનો મોકો મળે તો તે કેવું ફિલ કરે? એ વિહાંગ અને પૂજા શાહને પૂછવું પડે.

થોડા દિવસો પહેલાં સ્પેનમાં ઈન્ટરનેશનલ ફોક ડાન્સ ફેસ્ટિવલ ઓર્ગેનાઈઝ કરવામાં આવ્યો. જેમાં ભારતની સંસ્કૃતિ રજૂ કરવાનો મોકો અમદાવાદના 'શિલ્પગ્ય' ગ્રૂપને મળ્યો હતો. વિહાંગ અને પૂજા શાહ એટલે આ ગ્રૂપના લીડર અને પતિ-પત્ની પણ. વિહાંગ કહે છે, "જ્યારે અમને આ તક મળી ત્યારે ખરેખર આનંદ થયો હતો. સ્પેન જવા કરતા અનેક ગણો આનંદ આપણી સંસ્કૃતિને વિદેશમાં રજૂ કરવાનો હતો."



બાવીસ મેમ્બરનું બનેલું આ ગ્રૂપ ત્રીસ દિવસ સ્પેનમાં રહ્યું. ત્યાં તેમણે પર્ફોર્મ કર્યું. બાર્સેલોના, રૂબી, સર્દેનીઓલા, મલોર્કા અને કનેરી જેવા સ્થળોએ.

સ્પેન દર વર્ષે સમરમાં આ ફેસ્ટિવલ ઓર્ગેનાઈઝ કરે છે. તેનો મુખ્ય હેતુ અલગ-અલગ દેશો એકબીજાની સંસ્કૃતિને જાણે અને એકબીજા પાસેથી કંઈ ને કંઈ શીખે તેવો હોય છે. પહેલી જ વાર આ ગ્રૂપ સાથે વિદેશમાં પર્ફોર્મ કરવા ગયેલા મેહા મજમુદાર કહે છે, "સ્પેનમાં ભારતીય સંસ્કૃતિ રજૂ કરવાની ખૂબ જ મજા આવી. નવાઈની વાત એ હતી કે આપણા દેશના લોકોને જ આપણાં અમુક લોકનૃત્યો વિશે ખબર હોતી નથી, પરંતુ ત્યાં આવેલા દરેક દેશના લોકો આપણા દેશના દરેક લોકનૃત્ય વિશે ઝીણવટ ભરી માહિતી ધરાવતા હતા." ત્યાં રજૂ કરેલાં લોકનૃત્ય વિશે તેઓ કહે છે, "અમે લોકોએ ત્યાં આપણા સાત ફોક ડાન્સ રજૂ કર્યાં હતા. ધરમપુર, રાઠવા, સંભલપુર, વણઝારો, ગરબો, તાલમંજીરા અને કલબેલિયા. જેમાંથી ધરમપુર, તાલમંજીરા અને કલબેલિયા દરેક દેશના લોકોને ખૂબ ગમ્યાં હતાં."

સ્પેનના પ્રવાસ વિશે આ જ ગ્રૂપના દીપલ ગોંડલિયા કહે છે, "સ્પેનના લોકોનો નેચર ખૂબ જ સરસ છે. ત્રીસ દિવસના આ પ્રોગ્રામમાં એક દિવસ ફૂડ ફેસ્ટિવલનો પણ હતો. તે દિવસે અમે વેજ બિરિયાની અને પુલાવ બનાવ્યો હતો. જે અનેક દેશના લોકોને ભાવ્યો હતો. તેમણે આ વાનગી પેટ ભરીને માણી અને વખાણી પણ ખરી."

સ્પેનના લોકો સંગીતમાં કેવો રસ ધરાવે છે અને ભારતીય સંગીત વિશે શું માને છે. મ્યુઝિશિયન ગોપન ભટ્ટ કહે છે, "સ્પેનની પ્રજા સંગીત પ્રેમી છે. તેઓ સંગીતની સારી માહિતી અને સૂઝ ધરાવે છે. તેઓ ભારતીય સંગીતને માન આપે છે. ફેસ્ટિવલમાં જ નહીં, પરંતુ આડા દિવસોમાં પણ તેઓ ઈન્ડિયન મ્યુઝિક સાંભળવાનું પસંદ કરે છે. ઈન્ડિયન મ્યુઝિકમાં ખાસ કરીને તેમને ફલુટ વધારે પસંદ છે. •



ગ્રૂપ લીડર પૂજા શાહ

## કયા દેશોએ ભાગ લીધો

| | |
|---|---|
| (૧) કેન્યા | (૬) અર્મેનિયા |
| (૨) ઓસ્કા | (૭) આફ્રિકા |

